ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*નિષ્ઠુર છે આતંક એ જરા પણ નરમ નથી !*
*ને છે લોખંડી કાળજું એનો કોઈ મરમ નથી !*
*અને ધરમ નથી કોઈ, છે રાક્ષસી સ્વભાવ ક્રૂર -*
*રમજાનમાં લોહી રેડાય, કોઈ શરમ નથી !*

### હાઈકુ

*બે-જાન જાન*
*થાય રક્ત રંજીત -*
*રમજાનમાં...*

*દયા ન કૃપા,*
*મોત છે મહજબ -*
*કટ્ટર - પંથે*

### ચિંતન

**ભોગેન ત્વિતરે ક્ષપયિત્વા સમ્પદ્યતે ।**

ઉપરોક્ત શ્લોક ઈશોપનિષદ માંથી લેવામાં આવેલ છે.

આત્મદર્શન મહાપુરુષના સંચિત કર્મોનો નાશ થાય છે અને ક્રિયમાણ કર્મનો સંબંધ એને રહેતો નથી. બાકી જે શુભાશુભ પ્રારબ્ધ કર્મો હોય છે એમનો ભોગ દ્વારા નાશ કરીને એવો મહાપુરુષ પરમાત્માને મળી જાય છે ને સર્વ પ્રકારના બાહ્યભ્યાંતર બંધનોમાંથી મુક્તિ મેળવે છે.

જે વ્યક્તિ આત્મ દર્શી હોય તે વિવેકપૂર્ણ જીવન જીવે છે. તેથી 'કર્મના બંધન'માં બંધાતી નથી - પૂર્વ જન્મના સંચિત કર્મો ભોગવી એ નિવૃત્ત થાય છે એને 'મુક્ત' કે 'મુક્તિ' કહેવાય છે.

### સુવિચાર

- તમારે સ્વસ્થ રહેવું છે ? તો શાંત રહેતા અને શાંતિની અનુભૂતિ કરતાં શીખો - **રમણ મહર્ષિ**
- વીતેલા જીંદગી તરફ મોઢું ફેરવીને નજર નાખશો તો એવા ઘણા ઉદાહરણો જોવા મળશે કે જે ખરાબ થયું હોય એ જ સમય જતાં સારૂં થયું એવું લાગે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવનની અડધી ભૂલો તો એટલા માટે થાય છે કે જયાં આપણે બુદ્ધિથી કામ કરવું જોઈએ ત્યાં આપણે લાગણીશીલ થઈ જઈએ છીએ અને જ્યાં લાગણીની આવશ્યકતા હોય છે ત્યાં આપણે બુદ્ધિથી કામ લઈએ છીએ - **જોન બાર્ડીન**
- સુખ અને સફળતાના માર્ગમાં બે જ અંતરાયો છે, નિરાશા અને હતાશા. આ બે અંતરાયો જે ખંખેરી આગળ વધી શકે તે જ લોકો સફળ થઈ શકે છે - **જનકલ્યાણ**
- વંટોળિયા અને વાદળોથી કયારેય મેઘધનુષ્ય ન થઈ શકે - **મલેશિયન કહેવત**
- મન થાય એવું કરો, મનફાવે એવું નહીં - **શાહબુદ્દિન રાઠોડ**
- આજનું ઔષધ : નવજાત શીશુને આદુના રસમાં મધ આપવાથી ઉધરસ શાંત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

માનવમનના ગૂઢ રહસ્યો સમજવા માટેની મનોવૈજ્ઞાની સિગ્મંડ ફ્રોઈડની નિરીક્ષણ શક્તિ અદ્ભૂત અને અગાઢ હતી. તેમના માનવમન અને માનવ વર્તનના તારણો આજે પણ તર્કસંગત અને કાબિલેદાદ છે.

જયારે ફ્રોઈડ ઘરડા થઈ રહ્યા હતા ત્યારે એમણે વિચાર્યું કે અમુક એવા મારા સમર્થકો ને હું ચૂંટી કાઢું કે જેથી મારા તારવેલા સિદ્ધાંતો ને ખરાં સ્વરુપમાં સમજી તેનો સારો અને સાચો પ્રચાર-પ્રસાર થઈ શકે.

ફ્રોઈડે આવા વિસેક સમર્થકોને એક વાર જમવા બોલાવ્યા. અને એમને સૂચના આપી કે હવે તેઓ વૃદ્ધ થયા છે અને એમના મૃત્યુ પછી એમની વિચારધારાનો તમે વીસ જણા પ્રસાર કરશો. સૌ વિદ્વાનો અને ફ્રોઈડની વાતને સમર્થન આપ્યું. સાંજે ભોજન લીધા બાદ ફ્રોઈડે બેભાન થઈ જવાનું નાટક કર્યું. પેલા વીસ સમર્થકોને થયું હવે ફ્રોઈડ નહીં બચે. ત્યાં અને ત્યાં જ બધા સમર્થકો વચ્ચે ફ્રોઈડના સિદ્ધાંથો વિશે ચર્ચા શરુ થઈ. બધા વિદ્વાનો પોતપોતાની રીતે અર્થઘટન કરવા લાગ્યા. કોઈ ફ્રોઈડની દરકાર પણ કરતું ન હતું. સૌ કોઈ મોટે મોટેથી બોલીને પોતાના મંતવ્યો રજૂ કરતા હતા.

અચાનક ફ્રોઈડે આંખો ખોલી અને કહ્યું, 'અરે ભાઈઓ, હજી હું જીવતો છું ત્યાં જ આ પરિસ્થિતિ છે તો મારા મોત પછી તો શું યે થવાનું ?'

સારાંશ એ કે જ્ઞાની આગેવાન કે ઉપદેશકના વિચારોનું આંધળું અનુકરણ કરવાને બદલે એને સાચી રીતે સમજીને આચરણમાં મૂકવામાં આવે તો જ એ વિચાર યથાર્થ ઠરે.

# મોંઘવારી નાથવામાં સરકારની ઉદાસીનતા

**તંત્રીસ્થાનેથી...**

મનનોહનસિંહના નેતૃત્વ વાળી યુપીએ સરકાર દરમિયાન પેટ્રોલ - ડિઝલના ભાવમાં બે રૂપિયાનો ઉછાળો આવેલો ત્યારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીએ આકરી ટીકા કરી હતી અને ભાવવધારો તત્કાળ પાછો ખેંચી લેવા ભલામણ કરી હતી. આ એ જ મોદી છે જેમના શાસનકાળમાં પેટ્રોલ - ડીઝલના ભાવ આસમાને પહોંચ્યા છે અને તેઓ રશિયાના વડાપ્રધાન પુતિન સાથે કશા કામકાજ વગર બ્લૅક સીમાં નૌકાવિહાર કરવા ચાલ્યા ગયા છે. ભારતીય જનતા પાર્ટીને આંદોલનની જ ભાષા આવડતી હતી. હવે જયારે દેશમાં કેન્દ્ર અને વીસ જેટલાં રાજયોમાં એનું શાસન છે ત્યારે સત્તા ઉપર ટકી રહેવાના વિવિધ નુસખાઓ સિવાય પાયાની બાબતો પરત્વે એણે આંખમિંચામણાંની નીતિ અપનાવી છે. પેટ્રોલ - ડિઝલના ભાવ ક્રૂડ કંપનીઓ નક્કી કરતી હોવાનું કહી છટકી જવાનું સહેલું નથી, કારણ કે ક્રૂડ કંપનીઓ દ્વારા એમના ભાવ નીચે ઊતરતા રહે છે ત્યારે પણ મોદી સરકાર ઍકસાઈઝ ડ્યૂટીમાં વધારો ઝીંકી ગ્રાહકોને લૂંટતી જ રહીછે. હાલ પેટ્રોલ-ડીઝલના ભાવ ભડકે બળી રહ્યા છે અને છતાં સરકારના પેટનું પાણી સુદ્ધાં હાલતું નથી. કર્ણાટકની ચૂંટણીના દિવસો દરમિયાન સરકારે ભાવવધારો ન કર્યો, ઊલટાના બે રૂપિયા ઘટાડ્યા, જેથી પ્રજાનું દિલ જીતી શકયા. પરંતુ જેવી ચૂંટણી પૂરી થઈ તેવો દઈનો ઘોડો છૂટ્ટો મૂકી દઈ રોજેરોજ નવા વિક્રમો આંબવાના હોય એમ પેટ્રોલ પેદાશોના ભાવોમાં અવનવા ઉછાળા નોંધાયા છે. દેશની પ્રજા સાથેની આ છેતરપીંડી નથી તો બીજું શું છે ? કોંગ્રેસના શાસનમાં ક્રૂડના ઈન્ટરનેશનલ ભાવો ઊંચા હતા છતાં પેટ્રોલ - ડિઝલના ભાવ આટલા ઊંચા નહોતા ગયા. ખુદ પેટ્રોલિયમ મંત્રી પણ આ મુદ્દે લાચારી અનુભવતા હોય ત્યારે શું સમજવું ? પેટ્રોલ વેચતી કમ્પનીઓ સાથેની સરકારી સાંઠગાંઠનું જ આ પરિણામ છે. સરકાર એમને ઉઘાડી લૂંટ કરવાની છૂટ આપી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માટે મોં માંગ્યું ફંડ એકઠું કરી લેવા માંગે છે. જો સરકાર ખરેખર પ્રજાલક્ષી અભિગમથી વિચારે તો હાલ જે ભાવે પેટ્રોલ-ડિઝલ વેચાઈ રહ્યાં છે એથી અડધા ભાવે પ્રજાને આપી શકે. અડધોઅડધ એકસાઈઝ ડ્યૂટીના નામે લેવાતી રકમ સરકારી ખજાનામાં કરતાં વિશેષ તો પેટ્રોલ કંપનીઓનાં ખિસ્સામાં અર્થાત્ અદાણી અને અંબાણીના ખજાનામાં જાય છે. આ મુદ્દે ખુદ વિપક્ષ પણ રસ્તા પર આવી આંદોલન કરતાં પાછી પાની કરે છે કારણ કે એ પણ કયારેક આ જ ધનકુબેરો પાસેથી ચૂંટણી ફંડ મેળવવાનાં છે! પ્રજાએ પોતે જાગવું પડશે અને લોક આંદોલન મારફત રાજકારણમાં પેઠેલા આ ભયંકર ભ્રષ્ટાચાર સામે રણશિંગું ફૂંકવું પડશે. કમનસીબે પ્રજા પાસે નથી તો એવો કોઈ સમર્પિત - પારકી છઠ્ઠીનો જાગતલ નેતા કે નથી એવા આંદોલન પાછળ વેડફવાનો વખત. મોંઘવારીનો માર ખમવા ટેવાઈ ગયેલી પ્રજાને કોઈ તારણહાર ખપે છે, જે આજની તારીખમાં દૂર દૂર સુધી નજરે પડતો નથી. આખરે આવી જ પરિસ્થિતિ લાંબો સમય ચાલતી રહે તો એમાંથી લોહિયાળ ક્રાંતિ સરજાતી હોય છે. આટલું જો આજના નેતાઓ સમયસર સમજે તો તે એમના અને લોકશાહીના ફાયદામાં છે.

# 'સાહેબ ચિંતા ના કરો, આ મજૂરનાં છોકરાં છે...'



## નવાં કલેવર

નટવર હેડાઉ

જળસંચય અભિયાન અંતર્ગત તળાવને ઊંડું કરવાનું કામ ચાલતું હતું. સુકાઈ ગયેલા તળાવની કઠણ માટીને ત્રિકમથી મહામહેનતે તોડી મોટા મોટાં ઢેભાં જેટલાં વધુમાં વધુ ભરાય તેટલા તગારામાં ભરવામાં આવતા હતા. શ્રમજીવી સ્ત્રી પુરુષો લોહીનું પાણી કરી પરસેવો પાડી રહ્યાં હતાં.

સવારે કામ શરૂ થયું ત્યારે ગરમીનું પ્રમાણ ઓછું હતું. વળી ખાતમુર્હૂત કરવા મંત્રી આવેલા. એમની સાથે ગામના આગેવાનો અને અધિકારીઓનો મોટો કાફલો હતો. તળાવનું વિધિવત પૂજન કરવામાં આવેલું. મંત્રીજી નાનકડી કોદાળીથી ખોદવા પ્રયત્ન કરતા હતા. પણ સરપંચે કહ્યું કે ત્રિકમ વગર નહીં ખોદાય. તે વખતે સુખલો ત્યાં ઊભો હતો. તેના હાથમાં ત્રિકમ હતો. તે મદદે આવ્યો. તેણે ત્રિકમના ત્રણ ચારઘા મારી માટી પોચી કરી પછી મંત્રીજીને ત્રિકમ પકડાવ્યો. તેમણે માંડ માંડ ત્રિકમ ઊંચકી પોચી માટીમાં ખાડો કર્યો. તે વખતે આવેલા ફોટોગ્રાફરો અને મીડિયાકર્મીઓએ મંત્રીજીની તસ્વીરો લીધી. સાથે આવેલા સૌએ તાળીઓ વગાડી. ત્રિકમને માંડ નીચે મૂકતાં મંત્રીજીને શ્વાસ ચડી ગયેલો.

બધા ઝટપટ મંડપ તરફ આવ્યા. ઠંડા પીણાની બોટલે વહેંચાઈ રહી હતી. સુખલો દૂર ઊભો ઊભો આ દૃશ્ય જોતો હતો.

ગામના એક ભણેલા છોકરાને કારકૂન તરીકે રાખેલો. તેનું નામ સમીર. તે પાણીના બે પાઉચ લઈને આવ્યો. તેમાંથી એક સુખલાને આપી બીજાથી પોતે પાણી પીવા લાગ્યો. પાણી ઠંડુ હતું. સુખલાએ હાશકારો અનુભવ્યો. મંત્રીજીનો કાફલો જતો રહ્યો. મંડળ છૂટી ગયા.

બપોર થતાં ગરમીનો પારો ૪૩ ડિગ્રીને પાર જવા લાગ્યો હતો. ધોમધખવા લાગ્યો હતો. બીજા મજૂરોની સાથે સુખલાની પત્ની સમુડી પણ તેના નાના છોકરાને લઈને આવી ગઈ હતી. છોકરાને તેણે તળાવના પાળાની નજીક સુવડાવી દીધો અને માટી તગારામાં ભરી પાળા પર નાંખવાનાં કામમાં લાગી ગઈ હતી.

જયાં તળાવ ખોદવાનું કામ ચાલતું હતું તેની નજીકમાં બીજી પણ બે ત્રણ મજૂરણ સ્ત્રીઓએ પોતાના બાળકોને સુવડાવ્યા હતા. તડકાથી બચાવવા માટે માથે ઓઢણાં ઓઢાડ્યાં હતા. ઓઢણાંની અંદર છોકરા હાથ પગ હલાવતાં, પડખાં દબલતાં, કયારેક રોઈને પાછાં સૂઈ જતાં હતા.

એક છોકરું કયારનું રહી રહ્યું હતું. ખુલ્લા તડકામાં તેણે પડેલ જોઈ નવો નવો નોકરીમાં રહેલો સમીર બેચેન થઈ ગયો. તેણે એક મોટી ઉંમરના મજૂરને બૂમ પાડી.

'અરે... શતાજી'

મજૂર દોડીને આવ્યો અને તેની સામે આવીને ઊભો રહ્યો.

'સાહેબ કંઈ કામ પડ્યું ?'

'હાં... હાં... આમ ને છાંયામાં સુવડાવ!' તેણે બાળકો તરફ ઈશારો કર્યો.'

શતાજી આજુબાજુ જોવા લાગ્યો. સાહેબ અહીં તો કયાંક છાંયો નથી.

વર્કચાર્જ કારકુન સમીરે ચારેબાજુ નજર ફેરવી નજીકમાં કયાંય કોઈ ઝાડ કે મકાન ન હતું. દૂર દૂર સુધી સુક્કા ભઠ્ઠ ખેતર અને સાંય... સાંય.. કરતી ગરમ લૂ આવતી હતી.

એક બાજુ ટેંકર ઊભું હતું.

'અરે, પેલા ટેંકર નીચે સુવડાવી દે... જા'

'સાહેબ ત્યાં તો ખુબ કાદવ છે...'

'મુરખા પણ છાંયડો તો છે ને'

શતાજી એ હસવાનો ખોટો પ્રયાસ કર્યો.

'સાહેબ ચિંતા ના કરો. આ મજૂરનાં છોકરાં છે. એ તડકામાં પડ્યા પડ્યા જ મોટા થઈ જશે. કંઈ વાંધો નથી. આ બધા અગનને પી જાણે છે. તેમને કંઈ નહીં થાય.'

સમીર શતાજીના ચહેરા પરની સમયની કરચલીઓ જોઈ રહ્યો.

# પારોમિતા



## ગુલમહોર

દિનેશ દેસાઈ

લગ્ન એક એવી સમાજમાન્ય જેલ છે કે જેમાં પુરાઈ જવું તો સહેલું છે પણ બહાર નીકળવું શક્ય જ નથી. પચ્ચીસ વર્ષના સોહામણા પ્રોમિલ માટે આ હિન્દી ઉક્તિ લાગુ પડતી હતી કે "શાદીકા લડ્ડુ – ખાયે વો ભી પછતાયે, ન ખાયે વો ભી પછતાયે."

"મારું નામ પારોમિતા છે, અને તમે?" એક સામાજિક મેળાવડામાં બૂફે ડીનર લઈ રહેલા પ્રોમિલની પાસે આવી ગયેલી યુવતીએ એ રીતે પોતાનો ઈન્ટ્રો આપ્યો હતો કે પ્રોમિલ ઘડીભર તો વિચારતો જ રહી ગયો. આગંતુક યુવતી ભીને વાન હતી, આકર્ષક વ્યક્તિત્વ હતું. પિન્ક સલવાર-કમીઝમાં તે વધુ ગુલાબી લાગી રહી હતી.

પ્રોમિલને પારોમિતા સાથેની એ પહેલી મુલાકાત યાદ આવી જાય છે કે જ્યારે એને જોતાની સાથે જ દિલ એકાદ-બે ધબકારા ચુકી ગયું હતું પણ હવે એ ખુદ કહી રહ્યો છે કે "મુઝે મેરી બીવીસે બચાઓ..."

**સાળાએ જીવલેણ હુમલો કર્યો હતો તે કેસ ફોજદારી કૉર્ટમાં ચાલે છે. પત્નીએ ફોજદારી કૉર્ટમાં એક કેસ શારીરિક-માનસિક અત્યાચારનો અને એક કેસ દહેજ ઉત્પીડનનો કર્યો છે, એ પણ ચાલી રહ્યો છે. વળી ફેમિલી કૉર્ટમાં મેન્ટેનન્સનો કેસ પણ ખરો.**

"અરે, એય મિસ્ટર. હું આપની સાથે વાત કરી રહી છું. ક્યાં ખોવાઈ ગયા?" આટલું બોલીને આગંતુક યુવતી ફ્........ કરતી'ક હસી પડી હતી.

"ઑહ નો... ઑહ યસ... મારું નામ પ્રોમિલ. ઍન્ડ યસ, ખોવાઈ જવાય એવું તમારું વ્યક્તિત્વ છે ને." આટલું બોલીને તેણે ડીનર-પ્લેટ બાજુ ઉપર મૂકીને પેપર નેપકિનથી હાથ લૂછી કાઢ્યા હતા.

પછી તો બેઉ ખુબ વાતોએ વળગ્યાં હતાં. પ્રોમિલ વિશે પૂરેપૂરું હૉમવર્ક કર્યા બાદ જ પારોમિતાના ભાઈ મોહિતે પોતાની બહેનને પ્રોમિલ પાસે મોકલીને દાણા નખાવી જોયા હતા. જો કે પારોમિતા પોતાના ભાઈથી હવે કંટાળી ગઈ હતી. ક્યાં સુધી ભાઈના ઈશારે રૂપિયા કમાવવા પ્રેમના નામે નાટક અને ચીટિંગ કરવાનાં? પારોમિતાને હમઉમ્ર પ્રોમિલ પહેલી નજરમાં જ ગમી ગયો હતો. પ્રોમિલને પણ પારોમિતા ગમવા લાગી હતી, આંખોના રસ્તે દિલમાં ઘર કરી ગઈ હતી. તેની સાથે લગ્નનો પહેલો વિચાર પ્રોમિલને આવ્યો હતો કે જો આ સ્ત્રી જીવનસાથી બની જાય તો કંઈક વાત બને.

"રંગના એકાદ લસરકાથી જ તમારા તો હાવભાવનું ચિત્ર બદલાઈ ગયું છે, તો હવે જ્યારે કલરકામ થશે ત્યારે શું થશે તમારું?" એટલું કહીને પારોમિતા મ્હોં પાસે હાથની આંગળીઓ રાખીને ખડખડાટ હસી પડી હતી. પ્રોમિલે જવાબમાં કહ્યું હતું કે "એ તો કલાકારના હાથની વાત છે, એમાં કૅન્વાસનું તો કેટલું ચાલે?"

"પ્રોમિલ? ઑહ, શું હું તમને નામથી બોલાવી શકું છું ને? – મને તો ગમી ગયું છે, તમારું નામ." પારોમિતાએ રૉમાન્ટિક અંદાજમાં કહ્યું હતું.

પ્રોમિલ પણ રૉમાન્ટિક બન્યો હતોઃ "કેમ? નામ જ ગમી ગયું, હું નહિ?"

પ્રોમિલે રૉમાન્સ આગળ વધાર્યો હતોઃ "તમને મારું નામ ગમી ગયું હોય તો એ તો સારી જ વાત છે ને. આ નામ સાથે કાયમ માટે જોડાવવાનું ગમશે, તમને? ઘરમાં વિધવા મા છે અને હું એકનો એક દીકરો છું. કોઈ ભાઈ-બહેન નથી. શહેરના પરા વિસ્તારમાં પોતાનું મોટું ઘર છે. હું નોકરી કરું છું અને સાથે નાનકડો બિઝનેસ પણ છે. આપણે એક જ જ્ઞાતિના હોવાથી મને વિશ્વાસ છે કે તમારા પરિવારને પણ આપણા મેરેજ સામે કોઈ વાંધો નહિ જ આવે. પછી તો હવે આગળ તમારી મરજી. તમને હું રિયલી ગમું છું ખરો ને?"

પારોમિતા બધું જ ધ્યાનથી સાંભળી રહી હતી. મોહિતે જે ટિપ્સ આપી હતી, એ બધી જ વાત કન્ફર્મ થતી જ હતી. તે પ્રોમિલનો નિર્દોષ ચહેરો જોઈ રહી હતી. ધીમા સાદે તેણે કહ્યું હતું કે "તમે મને 'તું' કહીને બોલાવી શકો છો. બીજી વાત એ કે તમને મેં અહીં જોયા ત્યારથી મને ગમવા માંડ્યા છો. એટલે તો હું સામેથી તમારી પાસે આવી અને વાતો કરવા લાગી ગઈ."

ખાસ્સું મોડું થયું હતું અને મેળાવડામાંથી બધા પરિવારો નીકળી રહ્યા હતા. પારોમિતાએ પોતાના મા-બાપ અને ભાઈ મોહિત સાથે પ્રોમિલની ઓળખાણ કરાવી.

આજે હવે પારોમિતાને યાદ કરતા જ પ્રોમિલનું મગજ બહેર મારી જતું હતું. લગ્ન નક્કી કર્યાં ત્યારે કન્યા પક્ષે મોટી રોકડ અને દસ તોલા સોનાનાં દાગીના રિવાજમાં આપવા પડશે એવી શરત મૂકી હતી. પ્રોમિલ મ્યુનિસિપલ કચેરીમાં ડેઈલી વેજીસ ઉપર નોકરી કરતો હોવાથી રોકડ-ઉપાડ કે લૉન-લાભ મળે એમ નહોતા. શહેરના એક મલ્ટીપ્લેકસનો પાર્કિંગ ઍન્ડ મેન્ટેનન્સ કૉન્ટ્રાક્ટ તેણે ડિપોઝીટ ભરીને લીધો હતો. આથી તેમાંથી પણ કશું મળે એમ નહોતું.

એક તરફ પ્રોમિલ રોકડ અને સોનાનાં દાગીનાનો બંદોબસ્ત કરવામાં રઘવાયો થયો હતો, તો બીજી તરફ લગ્નની તારીખ નજીક આવી હતી અને કંકોતરી છપાઈને વહેંચવામાં આવી હતી. લગ્નનું એક અઠવાડિયું બાકી હતું ત્યારે વેવાઈ પક્ષ વતી પારોમિતાના મા-બાપના બદલે મોહિતે પ્રોમિલને સૂણાવી દીધું હતું કે "રોકડ અને દાગીનાની વ્યવસ્થા ન થઈ શકે તો જાન લઈને આવશો જ નહિ. નહિતર જાનને લીલા તોરણે પાછી કાઢવી પડશે. આબરુ તમારી જશે, અમારી નહિ."

પારોમિતાના ઘરમાં મા-બાપનું કશું ચાલતું નહોતું. મોહિતનું જ રાજ હતું. વર-કન્યા તો એકબીજા સાથે એવાં હળીમળી ગયાં હતાં કે હવે એકમેક વિના ચાલે એમ નહોતું. લગ્ન પહેલાની છુપી મુલાકાતોમાં પ્રોમિલે પારોમિતાને પોતાની હકીકત કહી દીધી હતી કે પોતે બંદોબસ્ત કરી રહ્યો છે, પરંતુ હજુ થોડી રોકડ જમા કરવાની બાકી છે અને દાગીનાનું કામ પણ રૂપિયાના અભાવે અધુરું જ છે.

લગ્નની આડે હવે અઠવાડિયું જ બાકી રહી ગયું હતું – અને એક દિવસ પારોમિતા મા-બાપનું ઘર છોડીને પ્રોમિલના ઘરે આવી પહોંચી હતી. બેઉએ એકમેકની મરજીથી ચૂપચાપ સિવિલ મેરેજ કરી લીધા હતા. વળતા પ્રહાર તરીકે મોહિતે પોતાની બહેનનું અપહરણ અને બળાત્કાર પ્રોમિલે કર્યું હોવાની પોલીસને જાણ કરી દીધી હતી. બસ, અહીંથી જ પ્રોમિલની પનોતીનો આરંભ થયો હતો. પ્રોમિલ તો પારોમિતાને સાથે રાખીને વકીલને લઈને પોલીસ સમક્ષ હાજર થઈ ગયો હતો. મેરેજ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ જોઈને પોલીસે બેઉ વર-કન્યાનાં સ્ટેટમેન્ટ લઈને ફરિયાદનો નિકાલ કર્યો હતો.

આમ થવાથી મોહિત હવે વધુ છંછેડાયો હતો. લગ્નને એક મહિનો વીતી ગયો હતો. લગ્નજીવન સુખમય ચાલી રહ્યું હતું. એક દિવસ પારોમિતાએ પતિને એક બંધ કવર આપ્યું અને કહ્યું કે "હું તમને કશુંક કહેવા માગું છું, જે હું બોલી શકીશ નહિ, એટલે બંધ કવરમાં કાગળ લખીને આપું છું. તમે એકાન્તમાં વાંચીને ડિસિસન લેજો."

પ્રોમિલે કવર પોતાની સાથે લીધું અને ઑફિસ પહોંચીને પહેલું કામ કાગળ વાંચવાનું કર્યું. પારોમિતાએ લખ્યું હતુઃ "પ્રિય પ્રોમિલ, લખી શકાય નહિ કે ગળે ઉતરે નહિ એવી વાત હું આજે તમને કહેવા જઈ રહી છું. હું સમજણી થઈ ત્યારથી મારો સગો ભાઈ મારું જાતીય શોષણ કરતો આવ્યો છે. એની મારઝુડ તો હું નાની હતી ત્યારથી સહન કરતી રહી છું. મારા મા-બાપે આખી જિંદગી બધું ચુપચાપ જોયું છે અને મૂક સાક્ષી બનતા રહ્યા છે. તેઓ દીકરાને કંઈ પણ કહેવાની સ્થિતિમાં નથી. જો હું તમને લગ્ન પહેલા આ વાત કરું તો તમે કદાચ મને ન અપનાવો, એવો છુપો ડર હતો એટલે આ વાત અત્યાર સુધી કરી નહોતી. હું એ નર્કની યાતનામાંથી છુટવા માગતી હતી. તમે મારા ભાઈને સબક શીખવશો ને? તમે મને સાથ આપશો તો મને આનંદ થશે. નહીં સ્વીકારો તો હું ક્યાંક ચાલી જઈશ. હું તમને મજબુર કે લાચાર બનાવવા માગતી નથી. – તમારી પારોમિતા."

પ્રોમિલનું મગજ તો બહેર મારી ગયું. કાગળ વાંચીને તો તે અવાક્ રહી ગયો. સગો ભાઈ પોતાની જ બહેન સાથે આવું અધમ કૃત્ય કરી શકે? સાંજે ઘરે આવીને તે પારોમિતાનો ચહેરો વાંચી રહ્યો. પારોમિતા પણ પતિ સામે આશાભરી નજરે મીટ માંડી રહી.

અનુસંધાન પાના નં ૭ પર

# જળસંચય અભિયાન - ઈશ્વરીય સંકેતને સમજવાનો પાવન અવસર

## પ્રસંગસર

ગરવી ગુજરાત, આપણી ગુર્જરધરા. આપણે ગુજરાતીઓ એટલે કે ગુજરાતની જનતા તથા ગુજરાતનું વહીવટીતંત્ર, સમગ્ર દેશમાં કોઈ ને કોઈ ક્ષેત્રે આગવી પહેલ કરવા ખ્યાતિ ધરાવીએ છીએ, ઈતિહાસ સાક્ષી છે કે અનેક ક્ષેત્રોમાં ગુજરાતે સમગ્ર દેશમાં આગવી પહેલ કરી છે. પરંતુ આજે વાત કરવી છે જળ વ્યવસ્થાપનની.

યાદ કરીએ વર્ષ-૨૦૦૦-૨૦૦૧ના એ દિવસો જયારે તત્કાલીન મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ અને હાલના વડાપ્રધાન તથા તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત સરકારે જનતા જનાર્દનની અથાગ શકિત સાથે પ્રચંડ જળસંચય અભિયાન આરંભેલુ અને જળસંચય ક્ષેત્રે ગુજરાતે સમગ્ર દેશને એક સંકલ્પ સાથે સંદેશ આપેલો, આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજય સરકારે ૧ લી મેથી સમગ્ર રાજયમાં જનતા જનાર્દનના સહયોગ સાથે સુજલામ સુફલામ જળઅભિયાનનો ભવ્ય પ્રારંભ કર્યો છે. રાજયના તમામ વિસ્તારોમાં તળાવો ઊંડા કરવા, ચેકડેમનું સમારકામ, નહેરોની સફાઈ, નદીઓના પુનઃજીવન જેવા જળસંચયના અનેક કામો પ્રજાકીય જાગૃતિ અને ઉત્સાહ વચ્ચે ચાલી રહ્યા છે.

વાસ્તવિકતા એ છે કે, સુજલામ સફલામ જળઅભિયાન એ ઈશ્વરીય સંકેત સમજવાનો અને વરસાદરૂપી ઈશ્વરીય પ્રસાદને પામવાનો આ અમૂલ્ય અવસર છે, ગત દિવસોમાં ઉપરવાસમાં અપૂરતા વરસાદને કારણે નર્મદામૈયાની ઉપલબ્ધ જળરાશિમાં ઘટાડો થયો અને રાજયમાં કયાંક કયાંક સિંચાઈ માટે નર્મદાના પાણીનો કાપ મૂકવાનો રાજય સરકારને કઠોર નિર્ણય લેવો પડયો. સ્વાભાવિક છે કે ભવિષ્યની જરૂરિયાત અને સંભાવનાઓને ધ્યાનમાં લઈને પીવાના પાણીની રાજયની જરૂરિયાત અને અગ્રતાને સમજીવહીવટી તંત્ર માટે પીવાના પાણીના પુરવઠાને જાળવવાનો રાજય સરકાર માટે અગ્રતાક્રમ હોય.

આ સંજોગોમાં નર્મદા યોજનાનો વિકલ્પ નહીં પરંતુ તેને પૂરક બની શકાય તે રીતે વરસાદી પાણીના મહત્તમ સંગ્રહનું આયોજન કરવુ જ પડે ને વિજયભાઈ રૂપાણીની સરકારે જનતાના સહયોગથી આ અભિયાન આરંભ્યું અને આ અભિયાન એટલે સુજલામ સુફલામ જળ અભિયાન.

ખરેખર તો ઈશ્વરે આપણને સમયસર ચેતવણી આપી. જો આપણે આ ચેતવણીને ન સમજી શકયા હોત તો આગામી દિવસોમાં ગંભીર પરિસ્થિતિનો સામનો કરવો પડયો હોત, ઈશ્વરે આપણને ચેતવ્યા કે કયારેક પાણીની સમસ્યા સર્જા. શકે છે, ગ્લોબલ વૉર્મિંગ જેવી સમસ્યાઓને કારણે ભવિષ્યમાં આવી સ્થિતિનું સર્જન થઈ પણ શકે ત્યારે આપણે ભવિષ્યનું લાંબાગાળાનું આયોજન કરવું પડે. શકય છે કે, આ વર્ષે સર્જા. તેવી સ્થિતિ નર્મદામૈયા પાણીના ભવિષ્યમાં નહીં સર્જાય. નર્મદામૈયાનો જળસ્ત્રોત એવો ને એવો જ વહે તે પણ આપણે ઈચ્છીએ પણ પર્યાવરણ અને પ્રદુષણની વૈશ્વિક સમસ્યાને કારણે તેમાં કોઈપણ પ્રકારનો અવરોધ ઉભો થાય તેવા સંજોગોમાં જળ વ્યવસ્થાપન ક્ષેત્રે સ્વાવલંબન કેળવાય તે જરૂરી છે અને આ સંદેશ એ જ ઈશ્વરીય સંકેત છે.



ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા

રાજય સરકારે આ ઈશ્વરીય સંકેતને સમજીને વરસાદરૂપી ઈશ્વરીય પ્રસાદને પામવાનો અવસર વધાવી લીધો છે. એમ પણ કહી શકાય કે જળસંચય માટેનો આ શ્રેષ્ઠ અવસર છે અને આ અવસર જતો ન રહે તેની રાજય સરકારે કોઈ પણ જાતની કચાશ રાખ્યા સિવાય કાળજી રાખી છે. એટલે જ તો રાજય સરકારે સુજલામ સુફલામ જળઅભિયાનમાં સ્વૈચ્છિક, સામાજિક, ધાર્મિક, ઔદ્યોગિક સંસ્થાઓના સહયોગ ઉપરાંત સ્થાનિક ગ્રામજનોનો પણ આ સહયોગ મેળવ્યો છે. એટલે જ આ અભિયાન ભવિષ્યમાં પીવાના પાણી કે સિંચાઈ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

આપણે માની લઈએ અને ઈચ્છીએ કે આગામી બધા જ વર્ષો છેલ્લા પંદર વર્ષ જેવા જ આવે, આ પંદર વર્ષો દરમિયાન વરસાદરૂપે પ્રકૃતિએ સતત મહેર કરી છે. નદી નાળાઓ, સરોવરો, ચેકડેમ વગેરે અનેક વખતે જે તે વર્ષમાં છલકાયા છે. ભવિષ્યમાં પણ આવા વર્ષોનું પુનરાવર્તન થાય તેવી અપેક્ષા સહજ છે આમ છતા પણ સુજલામ સુફલામ જળઅભિયાન દ્વારા આપણે આ જ વરસાદી પાણીનો આપણે મહત્તમ જળસંગ્રહ કરીશું તો પીવાના પાણીના નર્મદામૈયાના પુરવઠાને પણ પૂરક બનશે અને બીજી તરફ ખેડૂતો વર્ષમાં બે થી ત્રણ પાક સહેલાઈથી લઈ શકશે. સિંચાઈ માટે ખેડૂતોને પૂરતું પાણી મળી રહેશે. જયાં અત્યારે એકાંતરે પીવાનું પાણી મળે છે ત્યાં જળસંચયના કારણે તળાવ કે નદીઓની આસપાસના કૂવાઓ કે બોર રિચાર્જ થતા પીવાના પાણીના પુરવઠાની ઉપલબ્ધીમાં પણ વધારો થશે.

'જળ એ જ જીવન છે', 'પાણી બચાવો', 'પાણી આપણને બચાવશે', જલ હૈ તો કલ હૈ' આવા સૂત્રો માત્ર ભીંતો પર લખવા માટેના નથી પરંતુ હૃદયમાં તે અંકિત થવા જોઈએ. જળસંચયની વાત એ માત્ર ; સૂત્રાત્મક નહીં પરંતુ એક સ્વભાવ બનવો જોઈએ. ઈઝરાયેલ જેવા ટચુકડા દેશે દેશે બધા જ સૂત્રોને ખૂબ જ સફળતાપૂર્વક ચરિતાર્થ કરી બતાવ્યા છે. મારો જાત અનુભવ છે કે, વાર્ષિક માત્ર સાડા ત્રણથી ત્રણ ઈંચ વરસાદ પડવા છતા પણ ઈઝરાયેલે કયારેય પાણીની તંગીનો અનુભવ કર્યો નથી.

કુદરત ગમે તેટલી રૂઠે પરંતુ તેને અબોલ પશુધન, પશુપંખી અને માનવ જાતનો વિચાર હરહંમેશ કર્યો જ છે. વરસાદી પાણીના સ્વરૂપમાં કુદરતે આપણને વિપુલ જળરાશિ તેના મૂલ્યવાન પ્રસાદ સ્વરૂપે આપણને આપવાની તત્પરતા હરહંમેશ દાખવી જ છે પરંતુ હવે જરૂર છે આ પ્રસાદીને પામવાની સજ્જતાને કેળવવાની.

સુજલામ સુફલામ જળ અભિયાન દ્વારા રાજયમાં ૧૩ હજાર જેટલા તળાવો-ચેકડેમ જળાશયો ઉંડા કરાશે અને પરંપરાગત જળસ્ત્રોતના નવીનીકરણના કામ હાથ ધરાશે. આ કામગીરીના પરિણામે ૧૧ હજાર લાખ ઘનફૂટ વરસાદી પાણીનો સંગ્રહ થશે. ત્રીસ જિલ્લાની અંદાજી ૩૪૦ કિલોમીટરની ૩૨ નદીઓ પુનઃજીવન્ત્ કરાશે ૫૪૦૦ કિલોમીટર લંબાઈની નહેરોની સફાઈ અને મરામત કરાશે . જયારે ૫૮૦

અનુસંધાન પાના નં ૭ પર